મોડાસાના.મે. ૩જા એડીશનલ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફ.ક. સાહેબની કોર્ટમાં, મુ. મોડાસા

**ક્રિમીનલ કેસ નં.૧૮૪૯/૨૦૨૨**
**આંક :–**

**ફરીયાદી** :– શ્રી સરકાર
વિરુધ્ધ
**આરોપી** :– રણજીતભાઈ નાનાજી ચૌહાણ
**ગુનો** :– ધી બોમ્બે પ્રોહી એકટની કલમ ૬૫ એએ મુજબ.

**ઠરાવ**

ફરીયાદ પક્ષના કેસની વિગત ટુંકમાં એવી છે કે, સદર કામના આરોપીએ પ્રોહી પ્રતિબંધક એરીયામાં પોતાના કબજા ભોગવટાના ઘરની બાજુમાં આવેલ છાપરામાં એક પ્લા.ના કેનમાં દેશી દારૂ લિ.૦૩, કિ.રૂ.૬૦/– નો ગેરકાયદેસર રીતે રાખી પોલીસની રેઈડ દરમ્યાન ઘરે હાજર નહી મળી આવી ધી બોમ્બે પ્રોહી એકટની કલમ ૬૫એએ મુજબનો ગુન્હો કરેલ છે તે મતલબનું તહોમત મોડાસા રૂરલ પોલીસે અત્રેની ન્યાયાલયમાં રજુ કરેલ છે.

આરોપી અત્રે ઉપસ્થિત થતા તેઓને પોલીસ તપાસના કાગળોની નકલો વિનામુલ્યે મળ્યાની ખાતરી કર્યા બાદ આરોપીએ ગુન્હા કબુલાત પુરસીસ રજુ કરતા આરોપીને તેની સામેના ગુન્હા અંગેની સજાની જોગવાઈ જણાવી લઘુતમથી ઓછી સજા કરવામાં નહી આવે તેવી ચેતવણી આપવા છતાં આરોપી પોતાની ગુન્હા કબુલાત પુરસીસને વળગી રહેલ છે જેથી આરોપીની ગુન્હા કબુલાત પુરસીસ ગ્રાહય રાખેલ છે અને આરોપીએ સ્વેચ્છાએ ગુન્હો કબુલ કરેલ છે અને રહેમ તથા દયાની માંગણી કરેલ છે.

આરોપીએ પોતાની ગુન્હાકબુલાત પુરસીસમાં જણાવેલ છે કે આ તેનો પ્રથમ ગુન્હો છે અને કુટુંબના ભરણ પોષણની જવાબદારી તેના શિરે છે અને તેઓ ગરીબ માણસ છે અને આવો ગુન્હો ફરીથી નહી બને તેની ખાતરી આપી અત્રેની કોર્ટ પાસે રહેમ અને દયાની અરજ કરેલ છે. આરોપીની સ્વૈચ્છિક ગુના કબુલાત પુરસીસ અને ગુનાની ગંભીરતાને ધ્યાનમાં લેતા તેની સજા સબંધે તેની આર્થિક પરીસ્થિતિ જોતાં દંડની સજા કરવાનુ ન્યાયોચિત જણાતુ નહોઈ નીચે મુજબનો અંતિમ હુકમ કરુ છુ.

**હુકમ**

આરોપીને ક્રિ.પ્રોસીઝર કોડની કલમ – ૨૫૨ અન્વયે ધી બોમ્બે પ્રોહી એકટની કલમ ૬૫એએ મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી રૂા.૧૦૦/– (રૂપીયા એક સો પુરા) દંડ કરવામાં આવે છો અને જો આરોપી દંડ ન ભરે દીન – ૩ ની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તા. **૨૬મી ડીસેમ્બર ૨૦૨૨** નારોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૨૬/૧૨/૨૦૨૨
મુકામ : મોડાસા

**(કુ.ડો.સુપ્રિત કૌર ગાબા)**
જજ કોડ–જી.જે.૦૧૬૩૫
૩જા એડી. જયુડી. મેજી. ફર્સ્ટ કલાસ
મોડાસા